વેચાણ દસ્તાવેજ

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા)ના તાલુકા સાબરમતી નાં ગામ મોજે- ચાંદલોડીયાની સીમના સર્વે નંબર / બ્લોક નંબર ૧૩૭ની ૮૦૯ સમચોરસમીટર જમીન જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતા (કપાત બાદ) બાકી રહેતી જમીન ૪૮૬ સ.ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નંબર ૪૫ (ચાંદલોડીયા) માં સમાવેશ થવાથી મળેલ ફાઈનલ પ્લોટ નંબર ૨૪ની ૪૮૬ ચોરસમીટર રહેણાંક હેતું તથા વાણીજયના હેતુ બીનખેતીની જમીન ઉપર આવેલ "શ્રીહરિ પરિસર" (SHREEHARI PARISAR) નામની સ્કીમમાં .... માળ ઉપર આવેલ દુકાન નંબર / ફ્લેટ નંબર : .... જેનો બિલ્ટઅપ એરીયા .... સ.ચો.મી. તથા કાર્પેટ એરીયા મુજબ ક્ષેત્રફળ .... + ...વોશ એરીયા +...........બાલ્કની + ... ઓપન ટેરેસ એરીયા = ... સ.ચો.મી. તથા સદરહું સ્કીમની જમીનમાંથી મજકુર મિલકતના વરાડે આવતી વગર વહેચાયેલ .... સ.ચો.મીના બાંધકામ વાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ રૂા.........../- અંકે રૂપિયા.....................પુરાનો.

આ વેચાણનો દસ્તાવેજ શહેર અમદાવાદ મધ્યે આજ તારીખ..........માહે.....સને ૨૦....ના દિને.

Edit with WPS Office

<u>લખી આપનાર / વેચાણ આપનાર / એક તરફવાળા :-</u>

શ્રી ઈન્ફ્રા ટેક (SHREE INFRATECH) **એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર શ્રી ભાઈલાલભાઈ શંકરભાઈ પટેલ,**

AADHAR CARD NO :- 9325 0932 6382

ઉ.વ.આ.:- ૪૫, ધર્મે:- હિન્દુ, ધંધો:- વેપાર,

જેની રજીસ્ટર્ડ ઓફીસ ૧૯, શ્રી રત્ન કોમ્પલેક્ષ, નવાવાડજ, અમદાવાદ ખાતે આવેલ છે.

ભાગીદારી પેઢીનો પાન નંબર **PAN NO:- AEAFS 7502 P**

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં " અમો" અને અગર "અમો લખી આપનાર" "એક તરફવાળા" અને -અગર "વેચાણ આપનાર" એ રીતે સંબોધેલ છે. જેના અર્થમાં પૂર્વાપર સંબંધથી વિપરીત અર્થ થતો નહી હોય તો સદર એક તરફવાળા સદરહું ભાગીદારી પેઢીના હાલના તથા વખતો વખતના ભાગીદારો તથા તેઓના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, વકીલો, સકશેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે.

<u>લખાવી લેનાર / વેચાણ લેનાર / બીજી તરફવાળા :-</u>

શ્રી .... PAN NO :- ....

AADHAR CARD NO. ....

ઉ.વ.આ.:-......., ધર્મે:- ...., ધંધો:-............

રહેવાસી : ....

જેમને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં "તમો" અને-અગર "તમો લખાવી લેનાર" અને -અગર" વેચાણ લેનાર" અને-અગર"બીજી તરફવાળા" એ રીતે સંબોધેલ છે જે શબ્દા અર્થમાં તમો

Edit with WPS Office

બીજી તરફવાળા તથા બીજી તરફવાળાના વંશ, વાલી, વારસો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, વકીલો, સકશેસરો, ઈત્યાદી તમામનો સમાવેશ થાય છે. તે વેચાણ લેનારની વચ્ચે કરવામાં આવે છે.

(જત)

(૧) જત ડીસ્ટ્રીકટ અમદાવાદ સબ-ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા), તાલુકા સાબરમતીના મોજે ગામ ચાંદલોડીયાની સીમના સર્વે નંબર-**૧૩૭** ની હે.આરે.ચો.મી.૦-૦૮-૦૯, આકાર રૂા.૦.૯૪ પૈસા વાળી જુની શરતની બિનખેતીની જમીન જેને ટી.પી.સ્કીમ લાગુ પડતા ટી.પી.સ્કીમ નંબર-**૪૫** માં સમાવેશ થતા ફાળવવામાં આવેલ ફાઈનલ પ્લોટ નંબર **૨૪** કે જેનું ક્ષેત્રફળ આશરે **૪૮૬ સ.ચો.મીટર** તે જમીન વેચાણ આપનાર ભાગીદારી પેઢીની સ્વતંત્ર માલીકી-કબજા ભોગવટાની આવેલ છે. જેને હવે પછી આ બાનાખતના કરારમાં " મજકુર જમીન " એ રીતે સંબોધન કરવામાં આવેલ છે.

(૨) વેચાણ આપનારે શ્રી **ઈન્ફ્રા ટેક** (SHREE INFRA TECH)એ નામની ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના વહીવટકર્તા ભાગીદાર શ્રી ભાઈલાલભાઈ શંકરભાઈ પટેલનાએ મજકુર જમીન ધનશ્યામભાઈ પુંજાભાઈ તથા વિનોદભાઈ છોટાભાઈ ની પાસેથી વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ. જે વેચાણ દસ્તાવેજ મે. સબ રજીસ્ટ્રાર સાહેબશ્રી, અમદાવાદ -૮ (સોલા) ની કચેરીમાં તારીખ ૨૭-૧૨-૨૦૧૯ ના રોજ અનુંક્રમ નંબર ૨૩૦૪૪ થી નોંધવામાં આવેલ છે ત્યારથી અમો વેચાણ આપનાર મજકુર જમીનના માલીક કબજેદાર બનેલ છીએ જે અંગેની નોંધ રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નંબર ૬ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નંબર ૫૮૯૮, તારીખ ૦૧-૦૧-૨૦૨૦ના રોજ પાડવામાં આવેલ છે. જે નોંધ તારીખ ૦૪-૦૩-૨૦૨૦ના રોજ પ્રમાણીત થયેલ છે.

(૩) મજકુર જમીનનું બીનખેતીમાં રૂપાંતર કરવાનો હુકમ જીલ્લા કલેકટરશ્રી અમદાવાદનાએ તારીખ ૩૦-૦૭-૨૦૧૯ ઓન લાઈન અરજી કરતા સદરહુ જમીનનો બિનખેતી હેતુફેરની પરવાનગી આપવા અમદાવાદના મહે.કલેકટરશ્રી તારીખ ૧૩-૧૧-૨૦૧૯ ના રોજ હુકમ નંબર ૨૧૨૩/૦૭/૧૮/૦૨૯/૨૦૧૯ થી કરવામાં આવેલ છે જે અંગેની રેવન્યુ રેકર્ડમાં ગામ નમુના નંબર ૬ ના હકક પત્રકમાં ફેરફાર નોંધ નંબર ૫૮૬૬, તારીખ ૧૩-૧૧-૨૦૧૯ના રોજ પાડવામાં આવેલ છે.

Edit with WPS Office

જે નોંધ તારીખ ૦૫-૦૧-૨૦૧૯ના રોજ પ્રમાણીત થયેલ છે.

(૪) મજકુર જમીન ઉપર રહેણાંક તથા વાણીજય હેતુના યુનીટના બાંધકામ સારૂ અમદાવાદ મ્યુનીસીપલ કોર્પોરેશન દ્વારા સીંગલ બ્લોક જેમાં **(ફર્સ્ટ સેલર + જી + ફર્સ્ટ to સેવન)** માળની પરવાનગી મેળવવા અરજી કરેલ અને તે અરજીને આધારે કેશ નંબર : BLNTI / NWZ / 151119 / CGDCRV / A2989 / R0 / M1 જેનો રજા ચિઠ્ઠી નંબર : 03079 / 151119 / A2989 / R0 / M1 થી તારીખ ૧૩-૦૨-૨૦૨૦ ના રોજ બાંધકામ પરવાનગી મંજુર કરવામાં આવેલ છે. એ રીતે વેચાણ આપનાર પેઢીએ જાતે જ મજકુર જમીન ઉપર **"શ્રીહરિ પરિસર" (SHREEHARI PARISAR)** નામની રહેણાંક તથા વાણીજય હેતુના યુનિટની સ્કીમ મુકેલ છે. જેને હવે પછી આ બાનાખતના કરારમાં સદરહું યોજના એ રીતે સંબોધવામાં આવેલ છે.

(૫) વેચાણ આપનારે સદરહું યોજનાની નોંધણી ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬, ની જોગવાઈને આધીન રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી સમક્ષ રજીસ્ટ્રેશન નંબર : રેરા રજીસ્ટ્રેશન નંબર PR / GJ/ Ahmedabad / Ahmedabad city / ..../ .... / .... થી તારીખ .....-......-૨૦૨૦ ના રોજ નોંધણી કરાવેલ છે.

(૬) અમો વેચાણ આપનાર દ્વારા તમો વેચાણ લેનારને સદરહું પરિશિષ્ટમાં દર્શાવેલ મિલકત અંગેનો એક રજીસ્ટર્ડ બાનાખતનો કરાર તારીખ ....થી અનુંક્રમ નંબર ....થી મહે. સબ રજીસ્ટ્રાર સાહેબ અમદાવાદ-૮ સોલાની ઓફીસમાં કરી આપેલ છે.

(૭) વેચાણ લેનારે મજકુર **"શ્રીહરિ પરિસર" (SHREEHARI PARISAR)** સ્કીમમાં સ્થળની પ્રત્યક્ષ મુલાકાત લઈ વેચાણ આપનારએ આપેલ યોજના અંગેની તમામ માહીતીઓ, મ્યુ.કોર્પોરેશન દ્વારા મંજુર કરવામાં આવેલ બાંધકામના પ્લાનો, બીનખેતીની પરવાનગીનો હુકમ, મજકુર જમીનના રાઈટ, ટાઈટલ્સ, કરારો, દસ્તાવેજ તથા અન્ય આનુસાંગીક કાગળો વિગેરે તમો વેચાણ લેનારે પોતે જાતે તથા જાણકાર વ્યકિત અગર સંસ્થાના મારફતે તપાસી કરાવડાવી મજકુર તથા અન્ય તમામ સહીયારી સુવિધાઓ વિગેરેનું કરવામાં આવેલ બાંધકામ તથા બાંધકામના માલસામાન, બાંધકામની ગુણવતા, કાર્યકુશળતા તેમજ બાંધવામાં આવેલ યુનીટના માપ, સાઈઝ, ક્ષેત્રફળ, તેમજ મજકુર યોજનામાં પુરી

Edit with WPS Office

પાડવામાં આવેલ તમામ સહીયારી સુવિધાઓ જેવા કે પાર્કીંગ, વીઝીટર્સ પાર્કીંગ, એમેનીટીઝ વિગેરે તમામ બાબતોની સઘન તપાસણી તમો વેચાણ લેનારે પોતે જાતે સમજી લીધેલ હોઈ અને તે રીતે તમામ બાબતો અંગે તમો વેચાણ લેનારને સંતોષ પામેલ છે અને ત્યારબાદ બીજી તરફવાળાએ મજકુર સ્કીમના .... માળ ઉપર આવેલ દુકાન નંબર / ફ્લેટ નંબર : .... જેનો બિલ્ટઅપ એરીયા .... સ.ચો.મી. તથા કાર્પેટ એરીયા મુજબ ક્ષેત્રફળ .... + ...વોશ એરીયા +...........બાલ્કની + ... ઓપન ટેરેસ એરીયા = ... સ.ચો.મી. ના બાંધકામ વાળી મીલકત તથા મજકુર જમીન પૈકી મજકુર મિલકતના વરાડે આવતી વગર વહેચાયેલી જમીન તથા અન્ય સહીયારી સુવિધાઓમાં હકક હિસ્સા સાથેની મિલકત જેને હવે પછી આ વેચાણ દસ્તાવેજમાં સદરહું મિલકત અગર મજકુર મિલકત એ રીતે ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેનું વિગતવાર વર્ણન નીચે પરિશિષ્ટમાં કરવામાં આવેલ છે. તે સદરહું મિલકત અંગે કોઈ વાંધો, તકરાર, ફરીયાદ ન હોઈ અગાઉ કરી આપેલ બુકીંગની તથા મજકુર વેચાણ દસ્તાવેજમાં જણાવેલ શરતોને આધીન હાલ સ્થળ ઉપર જે સ્થિતિવાળી મીલકત તેની અંદર આવેલ તમામ બાંધકામ સહીત તેમજ **"શ્રીહરિ પરિસર" (SHREEHARI PARISAR)** ના સભાસદ તરીકેના તમામ હકકો સહીત વેચાણ આપનારે વેચાણ લેનારને કિંમત **રૂા ..../- અંકે રૂપિયા .... લાખ પુરા** માં આપવાનું નક્કી કરેલ છે. અને તે આધારે મજકુર મીલકત વેચાણ લેવાનો અધિકાર તમો વેચાણ લેનારનો હોઈ આ વેચાણ દસ્તાવેજ અમો વેચાણ આપનારને તમો વેચાણ લેનારની તરફેણમાં કરી આપેલ છે.

હવે વેચાણ આપનાર વેચાણ લેનારની તરફેણમાં મજકુર મિલકતનો નીચે મુજબનો આ વેચાણ દસ્તાવેજ કરી આપે છે.

(૮) મજકુર મિલકત કે જેનું સંપૂર્ણ વર્ણન નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ છે. તે મિલકત વેચાણ આપનાર વેચાણ લેનારને કુલ ઉચ્ચક કિંમત રૂા........... અંકે રૂપિયા ....
પુરામાં વેચાણ કરે છે જે વેચાણના અવેજની પુરેપુરી રકમ વેચાણ લેનારે વેચાણ આપનારને નીચેની વિગત મુજબ ચુકવી આપી છે.

Edit with WPS Office

અવેજની રકમ ચુકવ્યાની વિગત

રૂા......... અંકે રૂપિયા ....પુરા તારીખ ....ના રોજ ....
બેંક, ...શાખાના ચેક નંબર .....થી ચુકવી આપ્યા તે.

રૂા......... અંકે રૂપિયા ....પુરા તારીખ ....ના રોજ ....
બેંક, ...શાખાના ચેક નંબર .....થી ચુકવી આપ્યા તે.

રૂા......... અંકે રૂપિયા ....પુરા તારીખ ....ના રોજ ....
બેંક, ...શાખાના ચેક નંબર .....થી ચુકવી આપ્યા તે.

કુલ રૂા.......... અંકે રૂપિયા.................................પુરા

----

(૯) એ રીતે વેચાણનો કુલ અવેજ વેચાણ આપનારને ઉપર દર્શાવ્યા મુજબ મળેલ છે જેની પહોંચ વેચાણ લેનાર વેચાણ આપનાર પાસેથી સ્વીકારે છે અને મજકુર મિલકતના વેચાણના અવેજ આપવાની જવાબદારીમાંથી વેચાણ લેનારને મુકત કરે છે.

(૧૦) વેચાણ આપનારે ઉપર જણાવ્યા મુજબ કુલ અવેજની રકમ પુરેપુરી રકમ મળી ગઈ છે અને વેચાણ આપનારે પરિશિષ્ટ વાળી સદરહું મિલકતનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વેચાણ લેનારને બી.યુ. પરમીશન આવ્યા બાદ સુપ્રત કરવામાં આવશે અને વેચાણ લેનારે ત્યારબાદ સદરહું મિલકતનો વપરાશ કરવાનો રહેશે. જેની વેચાણ લેનાર ખાત્રી અને બાહેધરી આપે છે.

(૧૧) વેચાણ આપનારે નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત તેના દરેક પ્રકારના હકક, હિત, અલાખા, ઉપયોગ ઈત્યાદી સહીત વેચાણ લેનારને વેચાણ આપેલ છે. અને તેનો ઉપર દર્શાવ્યા મુજબનો શાંત, ખાલી અને પ્રત્યક્ષ કબજો વેચાણ લેનારને મજકુર મિલકતનું બી.યુ. પરવાનગી આવ્યા બાદ સુપ્રત કરવામાં આવશે તે રીતે નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત વેચાણ લેનારને કે વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામ ચાંદો, સુરજ, તપે ત્યાં સુધી, સુખે થી ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, યા ગીરો આપે કે તેમનું દિલ ચાહે તે તેમ કરે તથા સદરહું મિલકતના કર,

Edit with WPS Office

વેરા, સેસ, વિગેરે ભરવાની જવાબદારી વેચાણ લેનારની છે.

(૧૨) આથી વેચાણ આપનાર વેચાણ લેનારને બાહેધરી આપે છે કે વેચાણ આપનારે નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકત તબદીલી યાને એસાઈન કરવાનો અને વેચાણ આપવાનો પુરેપુરો હકક, અધિકાર છે વેચાણ લેનાર આ નીચે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહુ મિલકત સુખે થી ભોગવે, વસે, વસાવે, વેચે, સાટે, યા ગીરો આપે કે તેમનું દિલ ચાહે તે તેમ કરવા હકકદાર છે તેમજ વેચાણ લેનાર કે વેચાણ લેનારના વંશ, વાલી, વારસો ઈત્યાદી તમામ હમેંશ માટે કબજે રાખે તેનો ઉપયોગ કરે તેમાં હવે પછીથી અમો વેચાણ આપનાર કે વેચાણ આપનારના હાલના કે વખતો વખતના ભાગીદાર, એકમીનીસ્ટ્રેટરો, વિગેરે કોઈના કોઈપણ પ્રકારના સદરહુ મિલકત બાબતેના હકક, હિત, કે સંબંધ હોય તો તે લેખથી રદ થાય છે.

(૧૩) વધુમાં વેચાણ આપનાર વેચાણ લેનારને આથી ખાત્રી અને બાહેધરી આપે છે કે પરિશિષ્ટવાળી સદરહું મિલકત ઉપર કે પરત્વે વેચાણ આપનારની કોઈપણ પ્રકારની લોન કે ધિરાણની રકમ કે વ્યાજની કોઈપણ રકમ બાકી નથી તથા સદરહું મિલકત ઉપર કોઈપણ બોજો નથી. તેવી જ રીતે પરિશિષ્ટમાં વર્ણવેલ સદરહું મિલકતમાં પોષાતા અનુક્રમે ભોગવટાના હકકો તથા માલીકી હકકો વેચાણ આપનારે બીજા કોઈને વેચાણ, બક્ષિસ, કે અન્ય કોઈપણ પ્રકારે લખી આપેલ કે વેચાણ આપેલ નથી. તેમજ તેના ઉપર કે પરત્વે કોઈનો કોઈપણ પ્રકારનો ગીરો, બોજો, ચાર્જ કે લીયન કે ખોરાકી, પોષાકી, રહેઠાણ કે બીજા કોઈપણ પ્રકારનો હકક, હિસ્સો, કે દાવો, અલાખો કે લાગ-ભાગ ઉપસ્થિત કરેલ નથી. તેમજ તેના ઉપર કોઈની ટાંચ, જપ્તી કે અવલ જપ્તી કે કોર્ટનું હુકમનામું નથી. તેમજ અમો વેચાણ આપનાર ઉપર સદરહું મિલકતના વેચાણ પરત્વે કોઈપણ કોર્ટનો હુકમ નથી. તેમજ સદરહું મિલકત અંગે અમોએ કોઈ ટ્રસ્ટ કરેલ નથી. કે કોઈપણ સોલવંશી કઢાવેલ નથી. તેમજ સદરહું મિલકત જામીનગીરીમાં મુકી કોઈના જામીન થયા નથી.વધુમાં સદરહું મિલકત અંગે કે પરત્વે જમીન પ્રાપ્તિધારાની કે અન્ય કોઈપણ ધારા હેઠળ નોટીસ નીકળી નથી કે બજી નથી. અને વેચાણ આપનારે વેચાણ લેનારને મજકુર મિલકત બીજી તરફવાળાની તરફેણમાં કેરલ વેચાણ સિવાય અન્ય કોઈને વેચાણ, ગીરો, બક્ષીસ વિગેરે તબદીલી અંગેનો કોઈપણ દસ્તાવેજ કરી આપેલ નથી. સદરહું મિલકતના ટાઈટલ્સ ચોખ્ખા, માર્કેટેબલ, તથા બોજા રહીત છે તેની આથી અમો વેચાણ આપનાર તમો વેચાણ લેનારને ખાત્રી આપીએ છીએ.

Edit with WPS Office

૧૪.   વધુમાં વેચાણ લેનારે સદરહું મિલકત નીચે જણાવેલ તમામ શરતોનું પાલન કરવાનું જાહેર કરે છે તથા તે બાહેધરીના આધારે વેચાણ આપનારે સદરહું મિલકતનો આ વેચાણ દસ્તાવેજ વેચાણ લેનારની તરફેણમાં નીચેની શરતોને આધિન કરી આપેલ છે. જે વેચાણ લેનાર તથા વેચાણ લેનારના વંશ, વાલી, વારસો, ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે અને રહેશે તથા સદરહું મિલકત આ નિતી-નિયમોને આધિન રહી વાપરવા હકકદાર છે.

એ.   સદરહું સ્કીમના કોઈપણ સભ્યો સદરહું મિલકતના નંબરમાં કોઈપણ ફેરફાર કરવા દેવામાં આવશે નહી તેમજ કરી શકશે નહી.

બી.   સદરહું સ્કીમમાં જણાવ્યા મુજબના સ્પેશીફીકેશન પ્રમાણે કામ કરવામાં આવેલ છે તેમજ સદરહું મિલકત કે સદરહું સ્કીમના સ્પેશીફીકેશનમાં કે બાંધકામમાં વેચાણ લેનારને કોઈપણ વખત કોઈપણ ફેરફાર કરવા હકકદાર નથી.

સી.   વેચાણ લેનાર જાહેર કરે છે કે સદરહું મિલકતના સ્પેશીફીકેશન, સદરહુ મિલકતનો એરીયા / ક્ષેત્રફળ, બાંધકામની ગુણવત્તા, પ્લાન, લોકેશન, કાયદાકીય કાગળો, વિગેરે તમામ વિગતો તેમણે તેમના અનુભવી અને જાણકાર કાયદેસરના સલાહકારો પાસે વખતો વખત બરોબર જોઈ તપાસી કરાવેલ છે. અને સંતોષ પામેલ છે અને ત્યારબાદ સદરહું મિલકતની ખરીદ કિંમત ચુકવી ખરીદ અંગેનો આ દસ્તાવેજ કરવા બાબતે વેચાણ આપનારને જાણ કરેલ છે.

ડી.   વેચાણ આપનાર દ્વારા આપવામાં આવેલ સ્કીમની સગવડો તથા સઉલતો વેચાણ લેનારે સ્કીમના અન્ય સભ્યો સાથે મળીને ઉપયોગ તથા ઉપભોગ કરવાનો રહેશે તથા તે બાબતે કોઈપણ તકરાર કે ફેરફાર કરવા હકકદાર નથી.

ઈ.   વેચાણ લેનાર સ્કીમની કોમન સુવિધાવાળી જગ્યામાં કોઈપણ જાતનું બાંધકામ કે અન્ય રીતે અડચણ કે અગવડ ઉભી થાય તેવું કૃત્ય કરશે નહી તેમજ તેવી મિલકતમાં ગેરકાયદેસર કબજો કે દબાણ કરશે નહી.

એફ.   વેચાણ લેનારે સદરહું મિલકત તથા કોમન સુવિધાઓ તથા કોમન પેસેજમાં ગંદકી કે ગંદવાડ

Edit with WPS Office

થાય તેવું કૃત્ય કરશે કે કરાવશે નહી.

જી. વેચાણ લેનારે સદરહું મિલકતની દિવાલોમાં એવુ કૃત્ય કે કાર્ય કરશુે નહી જેને કારણે દિવાલનું બાંધકામ નબળુ પડે અથવા દિવાલોને કે કોમન દિવાલને નુકશાન થાય તથા ભોળતળીયા કે ખુલ્લી જગ્યા કે માર્જીનની જગ્યામાં કોઈપણ પ્રકારનું ખોદકામ કે બાંધકામ કરશે નહી. જેનાથી હયાત ગટર લાઈન, ઈલેકટ્રીક લાઈન, પાણીની લાઈન કે તે સ્કીમ અંગેની કોઈપણ હયાત લાઈનો તથા વ્યવસ્થામાં કોઈ નુકશાન થાય અને જો આવુ કોઈપણ કૃત્ય વેચાણ લેનાર કરશે તો તે ગેરકાનુની ગણાશે તથા તે બાબતેની તથા તે બાબતેના નુકશાનની સંપૂર્ણ કાયદાકીય તથા આર્થિક જવાબદારી વેચાણ લેનારની છે અને રહેશે.

એચ. રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ-૨૦૧૬ની જોવગાઈઓ મુજબ સદરહું યોજનાના બિલ્ડીંગ કોઈપણ પ્રકારની માળખાકીય ખામી આ વેચાણ દસ્તાવેજ થયાની તારીખથી પાંચ વર્ષની અંદર બીજી તરફવાળા દ્વારા એક તરફવાળાની લેખિતમાં જાણ ઉપર લાવવામાં આવશે તો એક તરફવાળાએ તેવી માળખાકીય ખામી કોઈપણ પ્રકારનો વધારાનો અવેજ લીધા સિવાય દુર કરી આપવાની રહેશે. વધુમાં તમો વેચાણ લેનાર જાણો છો કે વેચાણ લેનાર દ્વારા ફલોરીંગ પર આવેલ ટાઈલ્સ ધોવા માટે એસીડનો વધારે પડતો ઉપયોગ, વોશીંગ મશીનની ધ્રુજારી, ગરમ તથા સખત પાણી, રફ ઉપયોગ તથા દિવાલોમાં તોડફોડ વિગેરે કારણસર ઉપારા ઉપરી બાંધેલા યુનીટના બિલ્ડીંગમાં સંડાસ, બાથરૂમ, વિગેરેની જગ્યામાંથી પાણી ચુવે છે અને તે નીચે પડોશની જગ્યામાં જાય છે. તેનાથી નુકશાન થવાનો સંભવ છે. પાણી જે સહેલાઈથી છટકે અને વહે તેવો પ્રવાહી પદાર્થ છે જેથી આવુ લીકેજ બાંધકામની ગુણવત્તા સિવાય પણ સંભવી શકે છે જેથી વેચાણ લેનારે ફલોરીંગ પર આવેલ ટાઈલ્સ ધોવા માટે એસીડનો, વોશીંગ મશીનની ધ્રુજારી, ગરમ તથા સખત પાણી, રફ વધારે પડતો ઉપયોગ કરવો નહી.

આઈ. સદરહું મિલકતના બારી બારણા લાકડા, લોખંડ તથા એલ્યુમીનીયમથી બનાવેલા છે લાકડું ચોમાસાના ભેજને કારણે ફુલે છે તે બાબત કુદરતી અને સામાન્ય છે તેવે વખતે બારણા વાખતા તકલીફ થાય તે સ્વાભાવીક છે તે ચોમાસામાં બગડે તેવો સંભવ છે આમ તેવી તકલીફ બાબતે તમો વેચાણ

Edit with WPS Office

લેનારે ભવિષ્યમાં કોઈ ફરીયાદ વેચાણ આપનાર સામે કરવાની નથી. વેચાણ આપનાર તે માટે જવાબદાર બનશે નહી. તેમાં તમો વેચાણ લેનારની સંમતી છે.

જે. વેચાણ લેનારે સદરહું મિલકતમાં કોઈપણ પ્રકારનો સ્ફોટક વસ્તુ કે પદાર્થ ગેરકાયદેસર ઠરેલી વસ્તુ / પદાર્થ રાખી શકશે નહી.

કે. વેચાણ લેનારે સદરહું મિલકતનો ઉપયોગ કાયદાની મર્યાદામાં રહીને ખાલી રહેણાંક પુરતો જ કરી શકશે અને અન્ય કોઈપણ ધંધાકીય કે વેપારી પ્રવૃતી માટે ઉપયોગ કરી શકશે નહી.

એલ. વિશેષમાં આ દસ્તાવેજમાં થયા બાદ અથવા કબજો મેળવી લીધા બાદ કુદરતી આપત્તીઓ જેવી કે આગ, અતિવૃષ્ટિ, સાયકલોન કે ધરતીકંપ અન્યથા તેવા કોઈપણ પ્રકારે કે કારણોસર સદરહું મિલકત કે સ્કીમને નુકશાન થવા પામશે અને અગર કોઈપણ પ્રકારની જાનહાની થશે કે થવા પામશે તો તેની કોઈપણ જવાબદારી વેચાણ આપનારની રહેશે નહી. અને થયેલ નુકશાન વેચાણ લેનારે ભોગવવાનું રહેશે અને આ બાબતે વેચાણ લેનાર કોઈપણ પ્રકારનો વાદ-વિવાદ દાવો કરશે નહી તેની આથી વેચાણ લેનારે વેચાણ આપનારને બાહેધરી આપે છે.

એમ. વેચાણ લેનાર સદરહું મિલકત અંગેનો કબજો મેળવ્યા બાદ અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, ટોરેન્ટ પાવર, એ.ઈ.સી. પાવર, જી.ઈ.બી., કોર્પોરેશન, સીટી સર્વે ઓફીસ, રેવન્યુ રેકર્ડમાં, તેમજ સરકારી-અર્ધ સરકારી રેકર્ડ, અન્ય સ્થાનિક સંસ્થામાં વિગેરે જગ્યાએ વેચાણ લેનારે તેમના ખર્ચે અને જોખમે તેમનું નામ દાખલ કરાવવાનું રહેશે. તથા સદરહું મિલકતને લગતા કરવેરા, સેસ, સેલ્સ ટેક્ષ, ટેકસ, વિગેરે સમયસર ભરપાઈ કરી આપશે તથા તેમાં થતા વખતો વખતના ફેરફાર પ્રમાણે ભરવા બાહેધરી આપે છે.

એન. વેચાણ લેનાર કે અન્ય યુનીટ ધારકો કોઈપણ સમયે ભવિષ્યમાં સ્કીમનું નામ **"શ્રીહરિ પરિસર" (SHREEHARI PARISAR)** એ નામ બદલી શકશે નહી.

ઓ. સદરહું મિલકત બાબતે સરકારશ્રી દ્વારા જે કોઈપણ પ્રકારના ટેક્ષ, વેરા, આજરોજ કે ભવિષ્યમાં વસુલ કરવામાં આવે તે તમામ ભરપાઈ કરવાની સંપૂર્ણ કાયદાકીય તથા આર્થિક જવાબદારી વેચાણ

Edit with WPS Office

લેનારની છે અને રહેશે તથા આવા કોઈપણ ટેક્ષ, વેરા, વેચાણ આપનાર ભરપાઈ કરવા જવાબદાર રહેશે નહી.

પી. સદરહું યોજનાની તમામ સહીયારી જમીન તથા તમામ પ્રકારની કોમન સગવડોના નિભાવ, વહીવટ, તથા મેઈન્ટેનન્સ અંગે ભવિષ્યમાં સર્વિસ સોસાયટીની રચના કરવામાં આવશે અને તેમાં વેચાણ લેનાર તથા સદર યોજનાના અન્ય તમામ સભાસદોએ સદરહું રજીસ્ટર્ડ થનાર સર્વિસ સોસાયટીમાં ફરજીયાત સભ્યપદ તરીકે દાખલ થવાનું રહેશે તે આ કરારની મહત્વની શરત છે. તેમજ સદર સર્વિસ સોસાયટીના કાયદા, પેટા કાયદા, નિયમો, અને પેટા નિયમો તથા વખતો વખતના ઠરાવો, તથા જે કોઈ લખાણો કે કરારો કર્યા હોય અગર ભવિષ્યમાં કરે કરાવે તો તે તથા સર્વિસ સોસાયટીના તમામ કાયદા અને નિયમો તથા ઠરાવોનું તમો વેચાણ લેનારે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે તેમજ સદરહું સ્કીમમાં આવેલ કોમન એમેનીટીઝ, ફેસેલીટીઝ, વિગેરે તમામ મિલકતો, ચીજ વસ્તુઓની લાંબા સમય સુધી યોગ્ય જાળવણી અને દેખરેખ અર્થે જે કોમન ખર્ચ લેવાનો સોસાયટીના વખતો વખત નક્કી થાય તે મુજબની રકમ તેવા સોસાયટીમાં જમા કરાવશે તેની આથી બાહેધરી આપે છે.

૧૫. મજકુર સ્કીમમાં આવેલ પાણીની અન્ડર ગ્રાઉન્ડ તથા ઓવરહેડ પાણીની ટાંકીઓ, પાણીની લાઈન, ગટર, સુએઝ, ઈલેકટ્રીક લાઈન, ટી.વી.લાઈન, ટેલીફોન લાઈન વિગેરે લઈ જવાની વ્યવસ્થા, કોમન લાઈટો વિગેરે તમામ સુવિધાઓ વાપરવાનો હકક, તથા સ્કીમની અન્ય સહ વપરાશની વસ્તુઓમાં વગર વહેચાયેલ વરાડે પડતો હિસ્સો અમો વેચાણ આપનારે તમો વેચાણ લેનાર-બીજીતરફવાળાને આ વેચાણ દસ્તાવેજથી આપેલ છે. અને મજકુર સ્કીમમાં ફાળે અને ભાગે આવતી તમામ ચીજવસ્તુઓની સહવપરાશની માલીકી તમામ વેચાણ લેનારોની સહીયારી રહેશે અને તેનો ઉપયોગ અન્ય સભ્યોને અડચણ ન થાય તે પ્રમાણે કરવાનો રહેશે તેમજ તેના માસીક અગર વાર્ષિક મેઈન્ટેનન્સ નક્કી કરવામાં આવે તે ખર્ચ વેચાણ લેનારે વરાડે પડતો ભોગવવાનો રહેશે મેઈન્ટેનન્સ અંગેની ડીપોઝીટ સોસાયટી રજીસ્ટર્ડ થાય ત્યારબાદ સોસાયટીના નામથી ચુકવી આપવાની રહેશે. તેમજ મેઈન્ટેનન્સ અંગે સોસાયટી જે નક્કી થાય તે રકમ દરેક ફલોરના મેમ્બરે એટલે કે દરેક સભ્યએ ટાઈમસર સોસાયટીમાં ભરવાની રહેશે જે અંગે કોઈ વાંધો ઉઠાવી શકશે નહી. તે સોસાયટીએ તે

Edit with WPS Office

બાબતના શેર ઈશ્યુ કરવાના છે. જેથી વહીવટ માળખાની રચનામાં વેચાણ લેનારે ફરજીયાત મેમ્બર થયેલા ગણાશે અને તેના નીતિ-નિયમોનું પાલન કરવાનું રહેશે. તેમજ મજકુર ફલેટની મીલકતો ફકત રહેણાંક તથા દુકાનનો ઉપયોગ ધંધાકીય હેતુ માટે વેચાણ લેનારે ઉપયોગ કરવાનો છે. તેમજ મજકુર મિલ્કત વેચાણ અથવા ભાડે આપતા સમયે સોસાયટીનું તમામ બાકી લેણું ભરપાઈ કરી સર્વિસ સોસાયટી પૂર્વ મંજુરી યાને નો ઓબ્જેકશન સર્ટીફીકેટ લેવું જરૂરી રહેશે તેમજ સર્વિસ સોસાયટીએ વખતો વખત નક્કી કર્યા મુજબની ટ્રાન્સફર ફીની રકમ નવા ખરીદનાર વ્યકિતએ ભરવાની રહેશે તેમજ સર્વિસ સોસાયટીના સભાસદ તરીકે દાખલ થવાની લાયકાત ધરાવતી વ્યકિતને જ મજકુર મિલ્કત વેચાણ કરવા તમો વેચાણ લેનાર હકકદાર રહેશે અને ઉપરોકત તમામ વિગતો વેચાણ આપનારે વેચાણ લેનારને વાંચી, વંચાવી અને દસ્તાવેજમાં સહી મત્તાં અગુઠાનું નિશાન લીધેલ છે. જે તમામ વેચાણ લેનારે કબુલ રાખેલ છે.

૧૬. મજકુર મિલ્કતને લગતા તમામ કાગળો જેવા કે અસલ વેચાણ દસ્તાવેજની ઝેરોક્ષ કોપી, ૭/૧૨ની નકલ, અમારા નામનો અસલ વેચાણ દસ્તાવેજોની નકલ, એન.એ. પરમીશન, એન.એ.ની કોપી, એફ. ફોર્મની કોપી, પ્લાન પાસની નકલ, બાંધકામની રજાચિઠ્ઠી, ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ વિગેરે તમામ અસલ કાગળોની પ્રમાણીત નકલ વેચાણ આપનારે વેચાણ લેનારને સોપેલા છે.

૧૭. આ દસ્તાવેજના પક્ષકારો વચ્ચે જો કોઈ વાદ વિવાદ ઉપસ્થિત થાય તો તે વાદ વિવાદ ઉકેલ રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ-૨૦૧૬ની જોગવાઈ મુજબ લાવવાનો રહેશે.

૧૮. આ વેચાણ દસ્તાવેજમાં જણાવેલી કોઈપણ શરતોનું જયારેપણ અર્થઘટન કરવામાં આવે ત્યારે માત્ર એટલુ જ અર્થઘટન કરવાનું રહેશે કે આ ડ્રાફટ ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ના કાયદા અન્વયેના અધિનિયમની જોગવાઈઓ આધિન રહેશે.

૧૯. આ વેચાણ દસ્તાવેજમાં ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એકટ ૨૦૧૬ અને ગુજરાત રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૧૭ના કાયદાના ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ)

Edit with WPS Office

જનરલના કાયદા અન્વયેના અધિનિયમની જોગવાઈઓને આધિન કોઈપણ શરત કે હકીકતનો ઉલ્લેખ કરવાનો રહી ગયેલ હોય અને તે ધ્યાન ઉપર આવે ત્યારે પક્ષકારોએ કોઈપણ પ્રકારની તકરાર કે વાદ-વિવાદ સિવાય તે મુજબનો સુધારો કરીને આ વેચાણ દસ્તાવેજ વાંચવાનો, સમજવાનો તેમજ ગણવાનો છે અને રહેશે.

૨૧. સદરહું યોજનામાં આવેલ યુનીટ હોલ્ડરોના પાર્કિંગની વ્યવસ્થા યોજનાના બેઝમેન્ટમાં તથા હોલોપ્લીન્થમાં કરવામાં આવેલ છે તે બીલ્ડીંગના ઉભા કોલમ વચ્ચે કરવામાં આવતી હોઈ દરેક યુનીટ હોલ્ડરોને એક સરખા ક્ષેત્રફળવાળું પાર્કિંગ મળી શકે તેમ ન હોવાથી પાર્કિંગમાં સરળતા રહે તે માટે કોર્પોરેશનના પ્લાન મુજબ દર્શાવેલ પાર્કિંગ કરવાનું રહેશે જેથી ભવિષ્યમાં પાર્કિંગ બાબતે અન્ય કોઈપણ સોસાયટીના સભ્યો સાથે ઝઘડો કે તકરાર થાય નહી અને આવી વ્યવસ્થા યોજનામાં ટ્રાફીક ન્યુશન ન થાય તેવા ઉમદા હેતુથી કરવામાં આવેલ છે વધુમાં ભવિષ્યમાં પાર્કિંગની વ્યવસ્થા યોજનાના સભ્યો દ્વારા કે યોજનાના મંડળ દ્વારા ફેરફાર કરી શકાશે જે લખાવી લેનારને હરહમેંશને માટે બંધનકર્તા રહેશે અને આવાપાર્કિંગનો ઉપયોગ પાર્કિંગ સિવાય બીજો કોઈ ઉપયોગ કરવાનો નથી.

૨૨. સદરહું સ્કીમમાં આવેલ ઓપન ટેરેસ તથા દરેક માળે આવેલ પેસેજ, કોમન જગ્યા, કોમન પાણીની ટાંકી, બોર, કોમન પાકિંગ, સીડીગાળો, કોમન લીફટ તે તમામ કોમન એમીનીટીજની અને તેમાં તમો યુનિટો હોલ્ડરો સરખે હિસ્સામાં હકકદાર રહેશો પરંતુ તેમાં કોઈપણ યુનિટ હોલ્ડર અંગત માલીકીપણું લઈ શકશે નહી. તેમજ તેનો ઉપયોગ દરેક યુનિટો હોલ્ડરો કરી શકશે તેમજ પેસેજ, સીડીગાળો, લીફટ, પાકિંગ, કોમન જગ્યા તથા ટેરેસની સાફસુફી અને જાળવણી યુનિટો હોલ્ડરોએ કરવાની રહેશે.

૨૩. સદરહું સ્કીમમાં આવેલ વાણીજય હેતુના યુનિટોની આગળના માર્જીનમાં કોઈપણ પ્રકારના સ્ટોલ વાણીજય હેતુના યુનિટ ખરીદનાર ઉભો કરી શકશે નહી.

૨૪. સદરહું મિલકતના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ડયુટી, રજીસ્ટ્રેશન ફી, લખામણી તથા વકીલ ફી, કોમ્પ્યુટર કે ટાઈપીંગ ફી, ઝેરોક્ષ, નકલ ફી ખર્ચ તમો બીજી

Edit with WPS Office

તરફવાળાએ ભોગવવાનો છે.

૨૫ Severability : આ કરારની કોઈપણ જોગવાઈઓ, ઉકત અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો હેઠળ / લાગુ પડવાપાત્ર અન્ય કાયદાઓ હેઠળ રદ કરવામાં અથવા બિનઅમલપાત્ર બનાવવાનું નક્કી કરવામાં આવે તો, આવી જોગવાઈઓ તે આ કરારના હેતુ સાથે અસંગત હોય એટલા પુરતી અને આ અધિનિયમ અથવા તે હેઠળ ઘડવામાં આવેલા નિયમો અથવા લાગુ પડતા કાયદાઓ સાથે અનુરૂપ હોવી જરૂરી હોય તેટલા પ્રમાણમાં તે સુધારેલી અથવા રદ થયેલી ગણાશે અને આ કરારની બાકીની જોગવાઈઓ, આ કરારના અમલ વખતે લાગુ પડતી એ જ રીતે માન્ય અને અમલપાત્ર રહેશે.

૨૬. સદરહું પ્રોજેકટ લેન્ડમાં બાંધકામ કરવા મળતી પુરેપુરી ફલોર સ્પેસ ઈન્ડેક્ષ બી.યુ. પરમીશન આવે તે પહેલા વેચાણ આપનારે પુરેપુરી વાપરવાની છે. બી.યુ. પરમીશન મળ્યા બાદ વધેલી એફ.એસ.આઈ તથા ભવિષ્યમાં મળનાર એફ.એસ.આઈ. તથા ટેરેસ રાઈટસનો હકક પ્રમોટરનો રહેશે નહી.

<u>**પરિશિષ્ટ -એ**</u>

રજીસ્ટ્રેશન ડીસ્ટ્રીકટ અમદાવાદ, સબ ડીસ્ટ્રીકટ અમદાવાદ-૮ (સોલા)ના તાલુકા સાબરમતી નાં ગામ મોજે- ચાંદલોડીયાની સીમના સર્વે નંબર / બ્લોક નંબર ૧૩૭ની ૮૦૯ સમચોરસમીટર જમીન જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમમાં સમાવેશ થતા (કપાત બાદ) બાકી રહેતી જમીન ૪૮૬ સ.ચો.મી. જેનો ટી.પી.સ્કીમ નંબર ૪૫ (ચાંદલોડીયા) માં સમાવેશ થવાથી મળેલ ફાઈનલ પ્લોટ નંબર ૨૪ની ૪૮૬ ચોરસમીટર રહેણાંક હેતું તથા વાણીજયના હેતુ બીનખેતીની જમીન
જેના ખુંટચાર નીચે મુજબ છે.

પુર્વે :- ....

Edit with WPS Office

પશ્ચિમ :- ....

ઉત્તરે :- ....

દક્ષીણે :- ....

<u>પરિશિષ્ટ -બી</u>

પરિશિષ્ટ એ માં દર્શાવ્યા મુજબની જમીન ઉપર બાંધવામાં આવેલ યોજના કે જે "શ્રીહરિ પરિસર" (**SHREEHARI PARISAR)** ના નામથી ઓળખવામાં આવેલ છે. તે યોજનાના .... માળ ઉપર આવેલ દુકાન નંબર / ફલેટ નંબર : .... જેનો બિલ્ટઅપ એરીયા .... સ.ચો.મી. તથા કાર્પેટ એરીયા મુજબ ક્ષેત્રફળ .... + ...વોશ એરીયા +..........બાલ્કની + ... ઓપન ટેરેસ એરીયા = ... સ.ચો.મી.ના બાંધકામ વાળી મીલકત તથા સદરહું સ્કીમની જમીનમાંથી મજકુર મિલકતના વરાડે આવતી વગર વહેચાયેલ................... સમચોરસમીટર જમીન સાથેની મિલકત.

જેના ખુંટચારની વિગત નીચે મુજબ છે.

પુર્વે :- ....

પશ્ચિમ :- ....

ઉત્તરે :- ....

દક્ષીણે :- ....

પરિશિષ્ટ : ખ

વેચાણ લેનાર દ્વારા ખરીદ કરવામાં આવેલ ફલેટના પ્લાનની નકલ

Edit with WPS Office

પરિશિષ્ટ : ગ

સદરહું યોજનાની નોંધણી ધી રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલોપમેન્ટ) એક્ટ ૨૦૧૬, ની જોગવાઈને આધીન રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી સમક્ષ રજીસ્ટ્રેશન નંબર : ....થી તારીખ ....ના રોજ નોંધવામાં સર્ફીટીકેફની નકલ

ઉપર મુજબનો કરાર તમામ પક્ષકારોએ રાજીખુશી, અકકલ -હોશીયારીથી, વાંચી સમજી વિચારીને કોઈપણ જાતના દાબ દબાણ વગર બિનકેફી હાલતમાં કરેલ છે. જે તમામ પક્ષકારોને, તથા તેમના વંશ, વાલી, વારસો, ભાગીદારો, એસાઈનીઓ, એકઝીકયુટરો, એડમીનીસ્ટ્રેટરો, વકીલો, સકશેસરો, નોમીનીઓ, ટ્રાન્સફરીઓ, ઈત્યાદી તમામને કબુલ, મંજુર અને બંધનકર્તા છે. અને રહેશે.

સ્થળ : અમદાવાદ

તારીખ :

અત્રે................................ મતુ   અત્રે ....શાખ

<u>લખી આપનાર / વેચાણ આપનાર / એક તરફવાળા :-</u>

....

શ્રી ઈન્ફ્રાટેક (SHREE INFRATECH) **એ નામની**

ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર

શ્રી ભાઈલાલભાઈ શંકરભાઈ પટેલ

Edit with WPS Office

લખાવી લેનાર / વેચાણ લેનાર / બીજી તરફવાળા :-

....

શ્રી ....

Edit with WPS Office

રજીસ્ટ્રેશન અધિનીયમ ૧૯૦૮ ની કલમ - ૩૨(અ) મુજબનું પરિશિષ્ટ

સહી ફોટો અંગુઠો

લખી આપનાર / વેચાણ આપનાર / એક તરફવાળા :-

....

શ્રી ઈન્ફ્રાટેક (SHREE INFRATECH) એ નામની

ભાગીદારી પેઢી વતી અને તરફથી તેના અધિકૃત ભાગીદાર

શ્રી ભાઈલાલભાઈ શંકરભાઈ પટેલ

લખાવી લેનાર / વેચાણ લેનાર / બીજી તરફવાળા :-

....

શ્રી ....

Edit with WPS Office

Edit with WPS Office